## પ્રેસ નોટ ( જાહેરજનતા જોગ અપીલ)

> Good evening Sir,
> The following message is circulating in areas around Naroda, with indication that it has been sent by Police organization. It has been sent to me requesting to check authenticity of the same -
>
> QUOTE "Hello sir
> We have received this below message.
> कृपया सावधान रहें नरोदा,मेमको, नारोल,कालूपुर, और सरदारनगर में 15 से 20 लोगों की टोली आई है उनके साथ बच्चे और लेडीस हैं और उनके पास हथियार भी हैं और और आधी रात को किसी भी वक्त आते हैं और बच्चे के रोने की आवाज आती है कृपया दरवाजा ना खोले प्लीज ज्यादा से ज्यादा ग्रुप में से शेयर करें यह अहमदाबाद पुलिस की तरफ से मैसेज है पूरे अहमदाबाद में 5 से 10 दिन के अंदर फेल जाना चाहिए
> We are working in narol and piplej area of Ahmedabad.
> Request you to please advise if this message is sent by Ahmedabad Police.
>
> Type a message

તાજેતરમાં વ્હોટસઅપ ના માધ્યમથી લોકોમાં ભયનુ વાતાવરણ ફેલાઇ ગેરમાર્ગે દોરતો ઉપરોકત મેસેજ ફરી રહેલ છે. જે મેસેજમાં જણાવ્યા મુજબ " નરોડા, મેમ્કો, નારોલ, કાલુપુર અને સરદારનગરમાં ૧૫ થી ૨૦ લોકોનુ ટોળુ આવેલ છે અને તે ટોળામાં બાળકો અને સ્ત્રીઓ છે જે પોતાની પાસે હથિયાર રાખે છે અને અડધી રાત્રી નાના છોકરાના રડવાની અવાજ કાઢીને દરવાજો ખોલાવા પ્રયત્ન કરે છે. તો કૃપા કરીને આ મેસેજ વધારે ને વધારે ગૃપમાં શેર કરવો તેવો અમદાવાદ શહેર પોલીસ તરફથી મેસેજ છે. આ મેસેજ અમદાવાદમં ૫ થી ૧૦ દીવસની અંદર ફેલાઇ જવો જોઇએ. "

ઉપરોક્ત ફરતા થયેલા ખોટા મેસેજનુ અમદાવાદ શહેર પોલીસ ખંડન કરતા જણાવે છે આ મેસેજમાં જણાવેલ વિસ્તારમાં આવા કોઇ જ અસામાજીક તત્વોની કોઇ ગતિવીધી નોંધાયેલ નથી. તેમજ ઉપરોક્ત વિસ્તારમાં નિયમીત રીતે પોલીસ પેટ્રોલીંગ ચાલુ છે અને આવી કોઇ ઘટના બનવાને સ્થાન નથી. જેથી આવા ખોટા મેસેજ પ્રત્યે ધ્યાન નહીં આપી તેમજ આ ખોટા મેસેજ બીજા ગૃપમાં ફોરવર્ડ નહીં કરવા તેમજ આવા તત્વો વિરૂધ્ધ કાયદેસરના પગલા લેવામાં આવશે તેવી અમદાવાદ શહેર પોલીસ તરફથી નાગરીકોને અપીલ કરવામાં આવે છે. અને જો કોઈ આવી શંકાસ્પદ પ્રવૃતિ ધ્યાને આવે તો અમદાવાદ શહેર પોલીસ કંટ્રોલરુમમાં તાત્કાલીક જાણ કરવા વિનંતી છે.

24/3

(બલરામ મીના)
નાયબ પોલીસ કમિશ્નર
કંટ્રોલરુમ,અમદાવાદ શહેર